સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ

ફોન : ૨૩૨૬૬૫૫

કોંગીના પત્તે રમે રમત, છક્કા છોડાવે છે
ને અંગત મહેચ્છા માટે તંત્રને તોડાવે છે
બોડાવે નામ સરદારનું પક્ષને જૂથી-ચૂંથી
ચુનિટા નામે કરે પ્રચાર, સૌને દોડાવે છે..

હાઈકુ

અંધશ્રદ્ધાથી
કુદા હતા ખાઇમાં -
આંખ મીંચીને..
(નારાયણના ગોરખધંધા)

અડવાણીજી
આપે છે લીલીઝંડી -
સત્તા-દોડને..
(આવી ગયા ઠેકાણે?!)

ચિંતન

જલબિંદુ નિપાતેન ક્રમશઃ પૂર્યતે ઘટ : ।
સ હેતુઃ સર્વ વિદ્યાનાં ધર્મસ્ય ચ ધનસ્ય ચ ॥

'જેમ એક એક ટીપાંથી આખો ઘડો ભરાઇ જાય છે તેવી રીતે જ ધીરજપૂર્વક ધીમે ધીમે-પ્રયત્ન કરવાથી સર્વ વિદ્યાઓની પ્રાપ્તિ થાય છે અને એ જ પ્રકારે ધર્મશાસ્ત્રો-પુરાણો આદિનો અભ્યાસ કરી 'ધર્મ' ની પ્રાપ્તિ થાય છે અને ધીમે ધીમે પરિશ્રમ કરી ધનની પ્રાપ્તિ થાય છે.'

આજકાલ માણસમાં ધીરજ અને પરિશ્રમનો ખૂબ જ અભાવ જોવા મળે છે. બધાને ચટ્ટ અને પટ્ટ રેડીમેટ-તાત્કાલિક પરિણામ જોઇએ છીએ. નોકરીમાં ધંધામાં ખોટા રસ્તે આવકા વધારવાના નૂસખા-પરાક્રમો કરે છે. ઠગારા લોકો એકના બમણા-તમણા કરી આપવાની યોજનાઓ બનાવે છે અને મૂર્ખ લોકો એમાં લોભાય છે. ખૂન-લૂંટ-ચોર-ખંડણીનો આજે રોજના કસ્તૂત થઇ ગયા છે. વિદ્યાર્થીઓ પણ 'બે દિવસમાં' 'શોર્ટકટ' ઇમ્પોર્ટંટ - શિક્ષકની વધુ પડતી 'પ્રસન્નતા' પ્રાપ્ત કરવા અનેક ભોગ આપે છે. ચોરી-ટકા મેળવવાના કારસ્તાન પણ ખરાં જ -

ધીરજ અને પરિશ્રમ દ્વારા ધર્મ-અધ્યાત્મ વિદ્યા પ્રાપ્તિમાં પ્રગતિ થઇ શકે છે અને એ રીતે પ્રાપ્ત થયેલ ધન-ધર્મ-વિદ્યા જ કાયમી રહે અને સુખ-શાંતિ આપે છે. અહીં 'ટીપે-ટીપે સરોવર ભરાય'નું દૃષ્ટાંત આપી આ વાત સમજાવી છે.

સુવિચાર

- 'શાણપણ' એટલે વિવેક મર્યાદાને પાણી રડાવેલું જ્ઞાન - *જનકલ્યાણ*
- સર્વોચ્ચ શિખર ઉપર ત્રણ રીતે પહોંચી શકાય.. દૈમિક શક્તિથી, આર્થિક શક્તિથી, અને બૌદ્ધિક શક્તિથી - *સ્વામી સચ્ચિદાનંદ*
- જેનો સ્વભાવ ઠંડો બરફ જેવો છે.. અતિ સરલ અતિશુદ્ધ છે. એમના માટે જગતમાં દુઃખ જ નથી - *એસ.ભટ્ટાચાર્ય*
- ચોખા ઉપર ફોતરાં છે તેથી તેને ડાંગર કહેવાય છે. ડાંગરને માર પડે છે તેથી ફોતરાં છુટા પડે છે. તે ચોખા બને છે. ચેતન પર માયાનું આવરણ આવે તેને જીવ કહેવાય, જેને માયાનું આવરણ નથી, જે માયા રહિત છે તે ચેતન તે જ ઇશ્વર - *ઓશો*
- ઘરડાંઘરને પુત્ર ધર્મનું કબ્રસ્તાન કહેવાય - *શરીફા વીજળીવાળા*
- દિલના કાગળ પર લખાણ લખાય છે લાગણીનું!! એમાં તો આપવાના જ કરાર થાય. ત્યાગના વચને બંધાવાય.. અને જે શરતો હોય તે બધી સ્નેહની હોય- *જનકલ્યાણ*
- 'જો' અને 'તો' નું પ્રલોભન કદી ન આપવું.. એવો વ્યવહાર છેવટે સોદાબાજી કે ઇમોશનલ બ્લેકમેઇલીંગ સુધી પહોંચી છે - *મુનિ ધંધવિજયજી*

(સંકલન : દીપક વી.આસરા)

બોધ કથા

ઘર્તિંગ-છેતરપીંડી-ઠગાઇ-ચૌનશોષણ જેવા અનેક ગુન્હામાં સંડોવાયેલા હોવા છતાં આશારામ અને નારાયણ જામીન માટે માટે ખૂબ ઠવાતિયાં મારે છે તો ડો. અમિત શાહ અને પુત્ર વિસ્મય પણ કોર્ટથી કાયદાના સંકજામાંથી છટકવા ઓછો ઘમપછાડા નથી કરતા! ઇશ્વરીય-કુદરતનો ન્યાય કોઇને છોડતો નથી-એટલી પણ સમજ આ લોકોમાં કેમ નહીં હોય?!

ઠમણાં જ વર્તમાનપત્રમાં મહેસાણાના એક ગ્રામ્ય પાટીદાર સમાજનો, સમજના જ્ઞાનચક્ષુને ખોલનારો કિસ્સો વાંચ્યો-સત્ય ઘટના જ છે.

પાટીદાર કુટુંબના બે કોલેજીયન યુવાનો ગામડેથી મહેસાણા કોલેજમાં ભણવા જતા અને કોલેજના રંગ સામે હુસંગ ભળ્યો, વ્યસનની લતે ચડયા-મોજમજા માટે 'નાણા'ની તો જરૂર પડે જ! અડોશપડોશમાંથી ચોરી કરી ઉધાર ચૂકવી - ફરિયાદ થઇ શંકા સાચી પડી - બંને યુવાનોને પોલીસે પકડ્યા.. યુવાનો એ મિત્રો મારફતે વકીલની સલાહ લીધી. જામીન મળે એમ હતું. ઘરે સમાચાર મોકલ્યા - પણ બંને પરિવારના વડીલો પોલીસ સ્ટેશને કે કોર્ટમાં ફરક્યા જ નહીં!

લોકોએ કારણ પૂછ્યું.

વડીલો કહે, 'આવા, કુળને લાંછન લગાડનારા કુપુત્રો જેલમાં રહી સજા ભોગવે એ જ યોગ્ય છે.'

Email - sureshchandrabhatt18@gmail.com

કલેકટરશ્રીના પી.એ. હોવા છતાં રચનાત્મક કાર્યોમાં અગ્રેસર નરેશભાઈ એસ. પટેલ

નરેશભાઇ પટેલના ઉમદા વિચારોથી એમના વ્યક્તિત્વને પામવાનો પ્રયત્ન કરીએ.

ઋગ્વેદમાં કહ્યું છે કે "અનો ભદ્રાકતવોયન્તુ વિશ્વતઃ" એટલે કે એમને બધીજ દિશાઓમાંથી શુભ વિચાર પ્રાપ્ત થાઓ. માનવ મૂળ તો ધાર્મિક વૃત્તિઓ અને વંદનીય વિભાઓમાંથી ઓતપ્રોત છે. તેનું જીવન માંગલ્ય અને હૃદયસેતુઓની શુભ ભાવનાઓથી જોડાયેલું છે. લાગણીની સમર્પિત પ્રીતિ ઇશત્વ સાથે નહિત છે.

જીવનમાં સામાજિક અને ધાર્મિક અનુભવો દરમિયાન તમામ પંથનો અભ્યાસ કર્યો. જીવનના અનુભવોથી એવા તારણ ઉપર આવ્યા કે પરમપિતા શિવ પરમાત્માનું અમતવેલે યોગ દ્વારા ધ્યાન ધરવાથી તમામ મુશ્કેલીઓનું નિવારણ થાય છે. પ્રભુ- સ્મરણ યોગ ધ્યાનથી જે સંકલ્પ કરીએ તે દિનચર્યા દરમિયાન પૂર્ણ થઇ શકે છે અને દિવસ આનંદીત સ્ફૂર્તિમય રીતે પરમપિતા પરમાત્માની યાદમાં પસાર થાય છે. બીજાનું કલ્યાણ ઇચ્છાથી પણ આપણું સારૂં થતું હોય છે.'

સાબર નદીની અને સાબર ભૂમિનાં એક આગવા દર્શન છે. આ પ્રાંતના માલજીના પહાડીયા (તા. માલપુર અને જી. સાબરકાંઠા) ગામે તા. ૧૦-૦૬-૧૯૬૨ ના શુભદિને જન્મેલા શ્રી નરેશભાઇને પિતા સોમાભાઇ અને માતા કોદીબેન પાસેથી પણ સુંદર જીવનશૈલીનું અમૂલ્ય ભાથું પ્રાપ્ત થયું છે. વતન માલજીના પહાડીયા ખોળે ઉછરેલા નરેશભાઇએ બી.એ.ની શિક્ષણ ઉપાધિ મેળવી છે. પોઝીટીવ વિચારોનાં હિમાયતી નરેશભાઇનું ચિંતન ખરેખર દાદ માગે તેવું છે.

મોંઘેરા મોતી
- નટવર આહલપરા

'મન આત્માની સંકલ્પશક્તિનું નામ છે. મનની શાંતિ એ જ આત્માની શાંતિ છે. પુરૂષાર્થ અને પ્રાપ્તિ માટે સૌથી ઉત્તમ સમય અમૃતવેલાનો સમય મનાય છે. પાયો મજબૂત બનાવવાનો સમય. જે મજબુત હોય તો ઇમારત પણ મજબુત બને છે. આ સમયનો સદપયોગ આત્માને સ્મૃતિ સ્વરૂપ બનાવવા પુરૂષાર્થ કરવો જરૂરી હોય છે. મન એટલે કે સંકલ્પશક્તિ. બુદ્ધિ એટલે કે નિર્ણયશક્તિ. બંને મળે તો સંસ્કાર મળે તેવું મારૂં મંતવ્ય છે.'

આવા બુલંદ વિચારકશ્રી નરેશભાઇ સાબરકાંઠામાં કલેકટરના પી.એ. તરીકે કર્તવ્ય નિષ્ઠ રહી ઉમદા ફરજ બજાવે છેએ તેમનાં જીવનની સફળતાનું પાસું ગણાય.

૧૯૮૦માં માલપુર તાલુકાના હમીરપુર ગામે શ્રીમતી મધુબેન સાથે નરેશભાઇ વિવાહિત થયાં. એક સુપુત્ર અને બે સુપુત્રીના આ માતાપિતાએ પણ સંતાનોની ઉજ્જવળ પ્રગતિ અર્થે આકાર પાતાળ એક કર્યા છે તેની તવારિખ નીચે મુજબ વર્ણવી શકાય.

માલજીના પહાડીયા. તા. માલપુર, જી. સાબરકાંઠા ખાતે એટલે કે મેઘાઇ માતાના મંદિરના ધામમાં આવેલ છે. બે ભાઇ અને ત્રણ બહેનો માતા શ્રીમતી કોદીબેન - પિતા સોમાભાઇએ ખેતીના વ્યવસાયમાં ખૂબ જ મહેનત કરી નાનકડાં ગામડામાં બધાને ઊછેરી ઉભ્યાસ કરાવી કેળવણી આપવાનું જીવનમાં ક્યારે પણ ભૂલી ન શકાય તેવું ભગીરથ કાર્ય કરેલ છે. હાલ વયોવૃદ્ધ હોઇ તેમનાં આશિષ અને કુટુંબમાં મોભી તરીકેના છત્રનો લાભ મળે છે. જેના ફળસ્વરૂપે ૧૯૮૧ની સાલથી સરકારી નોકરીમાં આઇ.એ.એસ. ઉચ્ચ અધિકારીઓના પર્સનલ આસીસ્ટંટ તરીકે ફરજ બજાવે છે. જુદા જુદા ખાતાઓ જેવા કે મહેસૂલ વિભાગ, માર્ગ અને મકાન વિભાગ, ખોરાક અને ઔષધ નિયમન તંત્ર, ઉદ્યોગ વિભાગ, આદિજાતી વિકાસ વિભાગ, ગ્રાહક સુરક્ષા ન્યાય વિભાગ, પોલિસ વિભાગ જેવા વિભાગો સહીત રેવન્યુ વહીવટીતંત્રમાં છેલ્લા 33 વર્ષની સેવાઓ આપી છે. પ્રજાને ઉપયોગી બનવા પ્રયત્નશીલ છે ગત વર્ષો દરમિયાન અમો પરિવાર સાથે લાયન્સ કલબ આયોજીત ઇન્ટરનેશનલ કન્વેન્શનમાં ચાર દેશોની વિદેશ યાત્રા કરી આવ્યા, જેમાં ખાસ કરીને બેંગકોક, થાઇલેન્ડ, પતાયા, મલેશીયા, સિંગાપુર તથા ચાલુ વર્ષ દરમિયાન અમેરિકા દેશની મુલાકાત વોશિંગ્ટન અને ન્યૂયોર્ક સ્ટેટ, તેમજ કેનેડા દેશની મુલાકાત દરમિયાન બ્રિટીશ કોલંબીયા, એડમીન્ટન, ઓન્ટારીયો, ઓટાવા સ્ટેટની મુલાકાત દરમિયાન દુબિયાના અજાયબીઓ જેવા રમણીય સ્થળ જેવા કે વેનકુંવર, વીસલર, સેવનહેવન, વીકટોરીયા, નાયગ્રાફોલ્સ, સી.એન. ટાવર વગેરે જોવાનો લ્હાવો મળી શક્યો. મુલાકાત વાળા તમામો દેશો જોતાં જણાયું કે ભારતીય સંસ્કૃતિ ઉત્તમ છે. નરેશભાઇના ધર્મપત્ની શ્રીમતી મધુબેન દરેક કામગીરીમાં મદદરૂપ બની માર્ગદર્શક બની રહે છે. મોટી પુત્રી તથા તેમનો પરિવાર કેનેડા એડમીન્ટન ખાતે સિટીઝનશીપ મેળવી સ્થાયી થયા છે. પુત્ર હાર્દિક લંડન (યુકે) ખાતે એમ.બી.એ. પૂર્ણ કરી અમેરિકા ખાતે ઉચ્ચ અભ્યાસ કરી હાલ ઓટોમોબાઇલ્સના બીઝનેશમાં હિંમતનગર ખાતે સ્થાયી થયેલ છે. પુત્રવધુ ફિજીયોથેરાપીસ્ટ હોઇ સમાજના ગરીબ દર્દીઓની સિવિલ હોસ્પિટલ હિંમતનગર ખાતે સેવા આપે છે.

નરેશભાઇ કોમ્પ્યુટર યુગ વિશે મંતવ્ય આપતા કહે છે કે, 'કોમ્પ્યુટર યુગથી ઘણો ફાયદો છે. ઇન્ટરનેટ મોબાઇલ કનેકટીવીસી સમય બચાવે છે.'

વહીવટી તંત્રની કામગીરીમાં અતિ વ્યસ્તતા હોવાથી વાંચન માટે સમય કાઢવો પડે છે પણ બ્રહ્માકુમારીની પીસ ઓફ માઇન્ડ ટીવી સિરીયલ જોવી ગમે છે. નરેશભાઇ બાધા, આખડી, ઉપવાસ કરતા હતા. આજે પાઠ-પૂજા કરી લે છે. નેપાળ, પશુપતિનાશ, કાશી, ઉત્તર ભારત, અમેરિકા, કેનેડા, બેંગકોક મલેશિયા, થાઇલેન્ડ, સિંગાપોર, દેશ-વિદેશમાં વિહાર કરી ચૂક્યા છે.

તેઓની નાની પુત્રી પી.ટી.સી. કરી બી.એ. થઇ હાલ લુણાવાણા કોર્ટમાં આસીસ્ટન્ટ તરીકે નોકરીમાં જોડાયેલા છે. હાલ પી.એ.ટુ કલેકટર, સાબરકાંઠા તરીકે ફરજ બજાવતા હોઇ ફરજની સાથોસાથ જરૂર જણાયે સમાજ ઉપયોગી કામો, વિદ્યાર્થીઓને પાસપોર્ટ, વિદેશ જવા વીઝા માર્ગદર્શન તથા ઉચ્ચ શિક્ષણ અંગે દિશા સૂચન રૂપી માર્ગદર્શન પુરૂ પાડે છે, તથા ચોક્કસ મદદરૂપ થાય છે. સમાજના સૌ વડીલોની સાથે મળીને સમાજમાં, સામાજિક, કેળવણી વિષયક પરિવર્તન લાવવાની સાથોસાથ શૈક્ષણિક ક્ષેત્રે પણ જ્ઞાનની સરવાણી સતત વહેવડાવે છે. સૌ સાથે મળી સમાજને વધુને વધુ પ્રગતિ સાધવા પ્રેરી રહ્યા છે તે બાબત ગૌરવરૂપ અને આનંદ પ્રેરક છે. સમાજના કાર્યક્રમો જ યુવાનોને સામાજિક તેમજ ભાવાત્મક અભિગમ તરફ આગળ વધવાની સસ્નેહ પ્રેરણા અર્પતા હોય છે.

લાયન્સ કલબ, બ્રહ્માકુમારી ઇશ્વરીય વિદ્યાલય સંસ્થાઓ સાથે સંકળાયેલ નરેશભાઇ પરમપિતા શિવને ક્ષણે ક્ષણે આરાધે છે. અહીં ગાંધીજીના સોનેરી શબ્દો ટાંકવા ગમે જ

તમારી અંદરના ઉત્તમ અંશો બહાર
લાવે તે કેળવણી જ ખરી કેળવણી છે.

સામાજિક ખર્ચ ઘટાડાવી સમૂહ લગ્નોનું આયોજન કરાવવાના હિમાયતી નરેશભાઇ ગુપ્તદાનમાં માને છે. પ્રેરક અવતરણ આપતા તેઓ નોંધે છે કે, 'આપણે પેદા થયા છીએ એનો જવાબ કદાચ આપણે જ આપી શકીએ, પણ પેદા થઇ ગયા છીએ તો પછી આપણે જીવનમાં શું કરવું જોઇએ. એ પ્રશ્ન પર હવે વિચાર કરવો જોઇએ. આપણે સમાજના સભ્ય બન્યા છીએ તો સમાજનું ઋણ ચુકવવું જોઇએ. ઋણ ફક્ત દાન સ્વરૂપે ન ચૂકવતા આપણે પોતાની પ્રતિભા, પરિશ્રમ અને ત્યાગના બળે સમાજને કંઇક આપવું જોઇએ કે આખા સમાજનું જીવન ભવિષ્યમાં સુખમય અને પ્રગતિશીલ બની જશે. જીવનના કાર્યોનું ઊંડાણથી અવલોકન કરતાં એવો અનુભવ થાય છે કે મારા જીવનથી સમાજને કોઇ રીતે નુકશાન થતું નથી અને લાભ જ થયો છે તો જીવન સાર્થક છે. તમામે સાધનો અને શક્તિ પ્રમાણે કોઇ પણ રૂપમમાં સમાજસેવા કરીને સમાજના રૂમમાંથી મુક્ત થવા પ્રયત્નોશીલ રહેવું જોઇએ.'

શિવનું ધ્યાન ધરવાથી જીવનની મુશ્કેલીઓનું નિરાવરણ થાય છે. ઇશ્વર સ્મરણ, મુશ્કેલીઓનું નિવારણ થાય છે. ઇશ્વર સ્મરણ, યોગ-ધ્યાનથી સવારના જે વિચારો અને સંકલ્પ કરીએ તે દિનચર્યાથી પૂર્ણ થઇ શકે છે. બીજાનું કલ્યાણ થાય છે મનને શાંતિ મળે છે. જીવનની ફળશ્રુતિ એ છે કે મનની શાંતિ એ જ આત્માની શાંતિ.'

અધ્યાત્મ, કર્તવ્યનિષ્ઠા, સેવાભાવનો સમન્વય જેમનામાં થયો છે એવા નરેશભાઇની વધુને વધુ સમાજ સેવા, રાષ્ટ્રરક્ષા કરે તેવી શુભેચ્છા - અભિનંદન. તેમનો મો.નં. છે : ૯૪૨૬૦૬૦૯૭૨

ઝઘડાળુ પુરૂષ કરતાં કંકાસખોર સ્ત્રી વધુ ખતરનાક હોય છે!

વિચાર યાત્રા
- ડો. જય ઓઝા

નજર સામે બનેલો કિસ્સો છે : પતિ-પત્ની વચ્ચે ખટરાગ રહેતો હતો. ધીમે ધીમે ઝઘડો વધતો ચાલ્યો. યુગલની ઉંમર લગભગ ત્રીસ આસપાસ. બે બાળકો પણ ખરાં. સંયુક્ત કુટુંબમાં બધા રહે. પતિના નાના ભાઈનો પરિવાર પણ જોડે જ રહેતો. પતિ-પત્ની વચ્ચેનો ઝઘડો ઠારવા સૌ પોતાના તરફથી નાના-મોટા પ્રયત્નો કરતા. પતિના પિતા તો નાના દીકરાનાં લગ્ન થયાના બીજા દિવસે જ સાધુ બની ગયા હતા! અગાઉથી તેમણે કહી રાખ્યું હતું કે, આ છેલ્લી જવાબદારી નિભાવી લીધા પછી તેઓ અધ્યાત્મમાર્ગે ચાલી નીકળશે. પરિવારે પણ ભારે હૈયે અને બહુ પ્રેમપૂર્વક તેમને વિદાય આપી. આગળ જતાં પરિવારમાં ઝઘડો વધ્યો. બેઉ ભાઈઓ વચ્ચે પુસ્તકોની દુકાનમાં ભાગીદારી હતી. પિતા ધંધાની જમાવટ કરીને પછી જ સંસાર છોડી ગયા હતા. પૈસેટકે પરિવાર સુખી હતો. પણ મનમેળ નહોતો. પત્ની સાથેના કંકાસથી કંટાળીને છેવટે એક દિવસ પેલા યુવકે આત્મહત્યા કરી લીધી. પત્યું. યુવતીનાં પિયરિયાંઓએ ફરિયાદ કરી કે તેમની પુત્રીને અને જમાઈને દિયર-દેરાણી અને સાસુ તરફથી ત્રાસ હતો. વકીલે કાગળ પર ફરિયાદ એવી જોરદાર બનાવી હતી કે ધરપકડથી બચવા આખા પરિવારે ફરાર થઈ જવું પડ્યું.

> કેટલીક સ્ત્રીઓને ઝઘડો પસંદ હોય છે અને કાયમ લડવાની તક શોધતી હોય છે, પુરૂષ ઝઘડો કરીને થોડી વારમાં બધું ભૂલી જાય છે, પણ સ્ત્રીઓ લાંબો વખત સુધી મોઢું ચઢાવીને ફર્યા કરે છે

પરિવારે સમાધાનની ખૂબ કોશિશ કરી, યુવતીના પરિવારજનો કોઈ સંજોગોમાં ઝૂકવા તૈયાર ન હતા. અનેક મધ્યસ્થીઓનાં પ્રયત્નના પરિણામરૂપે છેવટે સમાધાનની ફોર્મ્યુલા નક્કી થઈ યુવતીએ કેસ પાછો ખેંચ્યો અને યુવકના પરિવારે પેલી ધમધમતી દુકાન યુવતીના નામે લખી દીધી!

આખા કિસ્સામાં બે વાત સૌથી વધુ ધ્યાન ખેંચનારી છે : એક, કંકાસથી કંટાળી યુવકએ કરેલી આત્મહત્યા. બે, સમાધાનરૂપે એ આખો બિઝનેસ યુવતીને સોંપી દેવો પડ્યો જેના પર આખો પરિવાર નભતો હતો.

સામાન્યતઃ આપણે ત્યાં એવી છાપ છે કે, સ્ત્રીઓ પર ઘર ઘરમાં એટલા અત્યાચાર થાય છે કે, સ્ત્રીઓએ આત્મહત્યા કરવા મજબૂર બનવું પડે છે. આ માન્યતા એક અર્ધસત્ય છે. વાસ્તવિકતા કંઈક અલગ જ છે. નારીવાદીઓએ અને દોઢ ડાહ્યા બૌદ્ધિકોએ ચીસો પાડીને એવું વાતાવરણ ભું કર્યું છે કે, જાણે ભારતીય પુરુષ ખલનાયક હોય અને દરેક અબળા ભારતીય નારી તેના ત્રાસથી બળી મરતી હોય. મિડિયાનો રોલ પણ ઓછો ભૂંડો નથી. સ્ત્રીની આત્મહત્યાને અહી એટલી ગ્લોરિફાય કરાય છે કે પુરુષની ચીસો કોઈને સંભળાતી જ નથી. સ્ત્રી આત્મહત્યાના દરેક કિસ્સામાં બાય ડિફોલ્ટ પુરુષને જ જવાબદાર ગણી લેવામાં આવે છે.

સૌરાષ્ટ્રમાં તો દરરોજ અખબારોમાં સમાચાર છપાતા હોય છે 'પત્નીને ફિલ્મમાં લઈ જવાની ના કહેતાં સળગી મરી'! પતિએ પિયર જવાની ના કહેતાં પત્નીનું અગ્નિસ્નાન, પતિએ હોટેલમાં જવાની ના કહેતાં પત્નીએ આયખું ટુંકાવ્યું! આવાં કારણો માત્ર પોલીસમાં દર્શાવવા પૂરતાં નથી હોતાં, ખરેખર આવાં કારણોથી આત્મહત્યાઓ થતી હોય છે. સૌરાષ્ટ્રમાં જેમ અમુક ચોક્કસ કોમમાં દારૂનું કે ગુંડાગીરીનું દૂષણ ઘર કરી ગયું છે તેમ કેટલીક ચોક્કસ જ્ઞાતિઓમાં આત્મહત્યાની પણ સમસ્યા છે! ખુદ જ્ઞાતિના અગ્રણીઓ માને છે કે, તેમની જ્ઞાતિની દીકરીઓ સાવ ક્ષુલ્લક વાતોમાં આત્મહત્યા કરી લે છે. ભૂતકાળમાં એક વિખ્યાત ગુજરાતી સામયિકએ આ વિષય પર એક અહેવાલ પણ પ્રકાશિત કર્યો હતો. ઑ. કે. સ્ત્રીઓની આત્મહત્યા કદાચ ફાલતુ કારણોસર હોય તો પણ તેની બહુ ચર્ચા થાય છે આપણે ત્યાં. પુરુષની આત્મહત્યા અંગે કોઈને ચિંતા છે શું? કેટલાક નારીવાદીઓ એવું માને છે કે, પુરુષોમાં આવી સમસ્યા છે જ નહી. સત્ય તેનાથી વિપરીત છે. નેશનલ ક્રાઈમ રેકર્ડ બ્યુરોનાં આંકડાઓ કહે છે કે, ભારતમાં દર વર્ષે જેટલી પરિણીત સ્ત્રીઓ આત્મહત્યા કરે છે તેના કરતાં બમણી સંખ્યામાં પરિણીત પુરુષો આપઘાત કરે છે.

છેલ્લાં બે વર્ષના આંકડા જુઓ : ૨૦૧૦માં દેશમાં કુલ ૫૨૫૮૩ પરિણીત પુરુષોએ આપઘાત કર્યો જેની સામે પરિણીત મહિલાની સંખ્યા ૨૮૧૮૮ હતી. ૨૦૧૧માં અને ૧૨માં ૫૫૫૮૨ અને ૫૭૫૯૩ પરિણીત પુરુષોએ આત્મહત્યા કરી હતી. સામા પક્ષે આ વર્ષ દરમિયાન આત્મહત્યા કરનાર પરિણીત સ્ત્રીઓની સંખ્યા ૨૯૮૬૯ તથા ૩૦૦૬૪ હતી. આ આંકડા કોઈ પુરુષતરફી સ્વૈચ્છિક સંસ્થાના નથી, પરંતુ આખા ભારતમાં બનતા ગુનાઓનો હિસાબ રાખતા નેશનલ ક્રાઈમ રેકર્ડ બ્યુરોના છે.

સરકારી સંસ્થાના આ ઑથેન્ટિક આંકડાઓ આપણા અનેક ભરમ ભાંગે છે. અનેક પુરુષો પણ બાપડા - બિચ્ચારા હોઈ શકે છે, પુરુષો પણ પીડિત - કચડાયેલા - શોષિત - દુભાયેલા હોઈ શકે છે. એ પણ દુઃખી કે ત્રસ્ત હોઈ શકે છે. વાસ્તવિકતા એ છે કે, ઝઘડાળુ પુરુષ સાથે રહેવું એ જેટલું સ્ત્રીઓ માટે આકરું હોય છે તેનાં કરતાં વધુ કપરું હોય છે. ઝઘડાળુ - કંકાસપ્રિય સ્ત્રી સાથે રહેવું અને કેટલીક સ્ત્રીઓને ખરેખર કંકાસ પસંદ હોય છે. એ નિત્ય કંકાસ માટેની તક શોધતી હોય છે. પુરુષ ઝઘડો કરી લે છે અને થોડી ક્ષણોમાં બધું ભૂલી જાય છે. સ્ત્રી પાસે આડોડાઈ અને મોઢા ચડાવવાનાં વધારાનાં શસ્ત્રો હોય છે. આપણા પરિચિતોમાં જ આપણે એવી સ્ત્રીઓ જોતા હોઈએ છીએ. જે મોઢું નોર્મલ રાખીને ક્યારેક વાત કરે તો આપણને નવાઈ લાગે છે. આવી સ્ત્રીઓનો ત્રાસ જે પુરુષો સહન કરી શકે તે જગતનું કોઈ પણ મોટામાં મોટું દુઃખ પચાવી જાય. આવી સ્ત્રીઓ સાથે પનારો પડે તો જીવતર ધૂળ થઈ જાય છે.

પનારો પડે તો જીવતર ધૂળ થઈ જાય છે.

લેખ વાંચીને કોઈ રખેને સમજતાં કે બિચારા જયભાઈ ભરાઈ ગયા લાગે છે.

આપ સુજ્ઞ વાચકોના આશીર્વાદ અને શુભેચ્છાથી ઉપરનો લેખ એ લેખકનો સ્વાનુભવ નથી.

આ પીડિત પુરૂષોને વાચા આપી છે.

છે ને જમાનાની કરામત !

પોઝિટિવ થિન્કિંગ
યશવંત કડીકર

ઠમણાં એક બહેન (મારા મિત્રનાં પત્ની) મને મળવા આવ્યા. એમણે મને પૂછ્યું, "મારૂં એક કામ કરશો?"

"શું કામ છે?"

"તમે કરવાના હો તો કહું."

"થાય એવું હશે તો કરીશ."

"તમારા મિત્રને સમજાવી ના શકો?"

"મારા મિત્ર?"

"હા, મારા પતિ મારા કરતાં તમારૂં વધુ માનશે."

"પણ એમ કેમ માનો છો?"

"સાચું જ કહું છું. મને પૂરી ખાતરી છે."

"શું કહેવાનું છે?"

"એમને કહી કહીને થાકી કે બાપુજીને વૃદ્ધાશ્રમમાં મુકી આવો, તોય એ માનતા જ નથી. તમને ખબર છે કે, બાપુજીની ઉંમર એંસીની થઇ. કફના દર્દી છે. ઝાઝું હરી-ફરી શકતા નથી. પેશાબેય પલંગમાં કરે છે. જેટલું પીએ એટલું ગાદલું પલાળે. થાકી ગઇ છું. ત્રણ રૂમનો આ ફ્લેટ એમાં એક રૂમ તો એ રોકીને બેઠા છે. છોકરા તો એ રૂમમાં બેસવાય તૈયાર નથી. એમને બાપાની માયા છૂટતી નથી. લોકો શું કહેશે - એ બીકથી ઘરમાં ગંદકી ઘાલી છે ને ઘર હવે ઉકરડો થઇ ગયું છે. તમે નહિ માનો, મારા બાપુજી તો હરે ફરે છે તોયે મારા ભાઇઓ એમને વૃદ્ધાશ્રમમાં મુકી આવ્યા.

નાનાનો ટીનીયો એક દહાડો રડ્યો, અને પછી તો બધાને શાંતિ ને! બાપુજી પણ આશ્રમમાં ભગવાનનું ભજન કરે છે અને ઘરનાંનેયે શાંતિ થઇ ગઇ. આમ કંઇ અમને એ ભારે નથી પડતા, પણ તે ઘરમાં આવી ગંદકી કરે અને બહારનું કોઇ આવીને જુએ તો કેવું ખરાબ લાગે? આપણે દર અઠવાડિયે એમની ખબર કાઢશું, એમનો ખર્ચ ઉપાડી લઇશું. આ બધું કહ્યા છતાં આ પિતૃભક્ત રામ માનતા જ નથી.

તમે કહો ને જો એમને કંઇ અક્કલ આવે તો. મેં ડોસાને આ વાત કરી તો તેઓ તો મારી સામે ડોળા કાઢીને જોયા કરે. હવે મારે કરવું શું ? તમે સમજાવો ને સમજો તો?

પછી મારી મુલાકાત એમના પતિદેવ સાથે થઇ. મેં એમની શ્રીમતીજીની વાત એમને કહી, તો તે વિવશ બનીને બોલી ઊઠ્યા. "એનામાં તો અક્કલ નથી. પિયરના વાદ સાસરામાં લેવા જાય છે. તમે મારી વાત સમજો. હું છ માસનો હતો ને મારા બા ગુજરી ગયેલા. મારા બાપુજીને ઘણાએ સમજાવ્યા કે, 'તમે બીજું લગ્ન કરી લો. અત્યારે તો ઠીક છે, પણ ઘડપણમાં વાતનો વિસામો રહેશે.' પણ એમણે કોઇની વાત ના માની, ચોખ્ખું સંભળાવી દીધું, 'મારા સુખને ખાતર મારા છોકરાને માથે નવી મા મારવી.' મારા બાપુજીએ હું છ માસનો હતો ત્યારથી સાચવી સંભાળીને ભણાવી-ગણાવીને મોટો કર્યો ને પછી પરણાવ્યો. એ જયાં સુધી ઠરતા ફરતા હતા ત્યાં સુધી તો મને ખબર જ નહોતી કે ઘર કેવી રીતે ચાલે છે. બધી જવાબદારીઓ એ જ સંભાળતા અને હવે એ પથારીવશ થયા એટલે મારે એમને વૃદ્ધાશ્રમમાં મુકી આવવા? એ મારાથી કેવી રીતે બને? આવતી કાલે હું પણ વૃદ્ધ થઇશ, પછી મને..." એમની આંખમાં ઝળઝળિયા આવી ગયા. એમનું ગળું ભરાઇ આવ્યું.

> ઘરના ઝઘડામાં પણ સસરો વહુનો પક્ષ લઈને છોકરાને બોલે, એ જ સસરા આજે વહુની આંખે પાટો થઈ પડ્યા છે, છે ને જમાનાની કરામત!

મેં એ વૃદ્ધ સસરાની પ્રૌઢાવસ્થા જોઇ છે. એકના એક દીકરાને પરણાવવા કેટલી જાહોજલાલી કરી હતી. પાણીની જેમ પૈસો વાપર્યો હતો. એ તો દીકરાનાં લગ્ન વખતે કહેતા, "મારે તો કંકુ-પગલી વહુ ઘરમાં લાવવી છે."

વહુના આવ્યા પછી વહુ શું ખાય ને શું પહેરે એની ચિંતા એ કરતા. એ દ્રાક્ષની પેટી કે કરંડિયો લઇને આવતા ત્યારે અમે પૂછતા, "કાકા, કોના માટે?" તો તે મલકાઇને કહેતા, "મારી દીકરી - વહુ માટે."

એમણે ફ્લેટનો રંગ કરાવ્યો તે વહુને પૂછીને. રસોડામાં કોઇ ચીજની કમી નહિ. વહુ માટે જોઇએ તે ઘરેણાં ને છેલ્લે છેલ્લે પચાસ હજારની ડિપોઝીટ હતી તેય દીકરાની વહુના નામે કરાવી. એ કહેતા, "એ બિચારીને એ દુઃખી કરે તો ક્યાં જાય? પચાસ હજાર હોય તો એના વ્યાજમાં એ રોટલા ખાય." ઘરના ઝઘડામાં પણ સસરો વહુનો પક્ષ લઇને છોકરાને બોલે. એ જ સસરા આજે વહુની આંખે પાટો થઇ પડ્યા છે. છે ને જમાનાની કરામત!